# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી

તા. 24-03-2022

"આદિવાસી સત્યાગ્રહ" આંદોલન અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાતના સંગઠન પ્રભારી અને રાજસ્થાનના પૂર્વ આરોગ્યમંત્રી ડૉ. રઘુ શર્માએ જણાવ્યું હતું કે, 27 વર્ષથી વધુ સમયથી આદિવાસી સમાજને ભાજપ સરકાર અન્યાય કરી રહી છે. જેના પરિણામે આદિવાસી સમાજ આજે આંદોલન કરવા મજબુર બન્યાં છે. આદિવાસી સમાજને જમીન વળતરના નામે ભાજપ સરકારના બેવડા માપદંડથી આદિવાસી પરિવારનું જીવન નિર્વાહ કરવુ મુશ્કેલ બન્યું છે. ગુજરાતમાં જ્યાં જ્યાં આદિવાસી સમાજ છે ત્યાં સરકારી દવાખાનામાં અપૂરતો સ્ટાફ, અપૂરતી દવાઓ અને દવાખાનાઓની બિસ્માર હાલતને પગલે આરોગ્ય સેવાથી વંચિત છે. આદિવાસી સમાજની જમીનો પડાવી લેવાના નવા ઘડાયેલા કાયદાને બદલે તમામ પછાત વર્ગના સમાજને જમીન અંગેના કાયદાઓ ભાજપ સરકારે બનાવવા જોઈતો હતો. કોંગ્રેસ પક્ષ હંમેશા આદિવાસી સમાજની સાથે રહ્યો છે. જંગલના જમીનનો કાયદો, મનરેગા સહિતના કાયદાઓથી આદિવાસી સમાજને સક્ષમ કરી મુખ્ય ધારામાં જોડવાનું કામ કોંગ્રેસ પક્ષે કર્યું છે. જ્યારે આદિવાસી સમાજનું અવાજ દબાવવાનું, શોષણ કરવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે. **કોંગ્રેસ પક્ષ ગાંધીનગરમાં યોજનાર "આદિવાસી સત્યાગ્રહ" આદિવાસી સમાજના હક્ક અને અધિકાર, આદિવાસી સમાજની અસ્મિતા બચાવવા હાકલ** કરે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, **આદિવાસી સમાજના સળગતા પ્રશ્નોને લઈને ગાંધીનગરમાં બેઠેલી બહેરી-મુંગી સરકારને જગાડવા માટે સત્યાગ્રહ છાવણી ખાતે જનઆંદોલન – સત્યાગ્રહ તા. 25મી માર્ચના રોજ સવારે 11-00 કલાકે ગાંધીનગર ખાતે શરૂઆત** થશે. આદિવાસી સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે સત્તામાં બેઠેલી ભાજપ સરકારે આંખ અને કાન બંધ કરી દીધા છે. આદિવાસી સમાજના અવાજને ભાજપ સરકાર સાંભળવા તૈયાર નથી. સ્થાનિક પ્રશાસનને વારંવાર રજુઆત છતાં પ્રશ્નોનું નિરાકરણ થયું નથી ત્યારે **આદિવાસી સમાજના આગેવાનો – ધારાસભ્યશ્રીઓ – સાંસદસભ્યશ્રીઓ અને કોંગ્રેસ પક્ષના પદાધિકારીઓ સૌ ભેગા મળીને "ચલો ગાંધીનગર" નો કોલ આપ્યો છે.** આદિવાસી સમાજને જમીન ન આપવી, તેમના ઘર તોડી પાડવા સહિતના અનેક હથકંડાઓ અપનાવી ભાજપ સરકાર હક્ક અને અધિકાર આપવાની જગ્યાએ આદિવાસી સમાજને ખતમ કરવાનું કાવતરુ કરી રહી છે. શિક્ષણનું વેપારીકરણ કરી ભાજપ સરકારે શિક્ષણની ઘોર ખોદી નાખી છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં બેફામ લૂંટ અને સરકારી શિક્ષકોની ઘટને કારણે આદિવાસીના બાળકનો આજે પણ જ્ઞાન થી વંચિત છે. સરકારી જુદા જુદા વિભાગોમાં વર્ષોથી ખાલી પડેલ વર્ગ 1 થી 4 ની આદિવાસી સમાજની જગ્યાઓ ભરવામાં આવી નથી. કોંગ્રેસ પક્ષ આદિવાસી સમાજની સાથે તેમના હક્ક અને અધિકાર માટે મજબુતાઈથી લડત આપતો રહ્યો છે અને આપશે.

આદિવાસી સમાજને હક્ક – અધિકાર મળે તે માટે "આદિવાસી સત્યાગ્રહ" આંદોલન અંગે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી સુખરામ રાઠવાએ જણાવ્યું હતું કે, **જળ, જમીન, જંગલ પર ભાજપ સરકારનો ડોળો છે.** જંગલની જમીનની અંદર કિંમતી ખનીજ તત્વો પર ભાજપની નજર છે. ભાજપ સરકારના શાસનમાં આદિવાસી સમાજને મળવાપાત્ર જમીન નથી મળતી, રેવન્યુ વિભાગમાં મોટી સંખ્યામાં અરજીઓ પેન્ડીંગ છે. આદિવાસી સમાજ જે ગરીબ, અશિક્ષિત અને ભોળો છે એવા એક કરોડ લોકો કે જેઓ અનેક સમસ્યાઓ જોડે જજુમી રહ્યાં છે. જેઓ પોતાના હક્કો અને અધિકારો બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે. ભાજપ સરકાર આદિવાસી સમાજને રોજગાર, રહેણાંક અને જમીન આપવામાં સદંતર નિષ્ફળ નિવડી છે. પોતાનો જીવન નિર્વાહ કરવા આદિવાસી સમાજે શહેર તરફ પ્રયાણ કરવા મજબુર બન્યાં છે તેવા સંજોગોમાં કેન્દ્ર સરકાર અને ગુજરાતની **ભાજપ સરકાર દ્વારા તાપી – પાર – નર્મદા લીંક યોજનાના નામે આદિવાસી સમાજને પોતાની જળ, જમીન અને જંગલથી દુર કરવાનું કાવતરુ** કરી રહી છે. 500 કરોડની માતબાર રકમ આ ડેમ બનાવવા માટે બજેટમાં ફાળવવામાં આવી છે. **ભાજપ સરકાર આદિવાસી સમાજને ગુમરાહ કરવાનું બંધ કરે અને તાપી – પાર – નર્મદા લીંક યોજના અંગે શ્વેતપત્ર જાહેર કરે** તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવકતા